
# 'જસ્ટ બિઇંગ' : ઇતિહાસકાર રોમિલા થાપરનાં સંસ્મરણો




ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

'દિલ્હી યુનિવર્સિટીમાં પાછા ફરતા જ મને લાગ્યું કે વિશ્વમાં અન્ય ભાગોમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનની થોડી અસર ભારત સુધી પણ પહોંચી છે. જો કે તે અસર મર્યાદિત અને હાંસિયામાં હોય એવાં ક્ષેત્ર સુધી જ હતી. તેનાથી અનેકગણું પ્રભાવશાળી ડાબેરી આંદોલનનું દેશમાં જન્મવું હતું; વિશેષ રીતે નક્સલ આંદોલન અથવા 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા'(માર્ક્સવાદી-લેનિનવાદી) [CPI-ML]. નક્સલવાદ મૂળે એક ગ્રામીણ આંદોલન હતું. કેટલાક વિદ્યાર્થીઓ ગ્રામીણ ક્ષેત્રમાં જઈને કામ કરવા ઇચ્છતા હતા. તેમાંથી ઘણાનો આગ્રહ હતો કે તેઓ 'CPI-ML'ના કેડર કે નક્સલીઓના રૂપમાં કામ કરશે. તે વેળાએ નક્સલીઓને અસામાજિક તત્ત્વ કે આંતકવાદી માની લેવામાં આવ્યા હતા. પોલીસ તેમની ધરપકડ કરી રહી હતી અથવા તથાકથિત 'એન્કાઉન્ટર'માં તેઓને મારવામાં આવ્યા હતા. તત્કાલીન પ્રશ્નોનું સમાધાન ક્રાંતિ છે તેવું માનનારા અને પોલીસ કે સ્થાનિક વહિવટીતંત્ર વચ્ચે હિંસક અથડામણ વધી રહી હતી. તેમના લેખનના સંદર્ભમાં ચીનના ક્રાંતિકારી માઓ આવતા હોવાથી તેઓને ઘણાં લોકો 'માઓવાદી' પણ કહેવા લાગ્યા. જો કે આ શબ્દને લઈને ઘણી અસમંજસ હતી.'

જાણીતા ઇતિહાસકાર રોમિલા થાપરનાં સંસ્મરણોનો ભાવાનુવાદિત-સંપાદિત આ એક હિસ્સો છે; જેમાં તેઓ નક્સલ સંબંધિત તેમના જીવનના અનુભવને ટાંકી રહ્યાં છે. રોમિલા થાપર ઇતિહાસકાર છે અને તેમને 'જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી' દ્વારા 'ઇમેરિટ્સ'ની પદવી આપવામાં આવી છે. મતલબ કે તેઓ સેવાનિવૃત્ત થયાં હોવા છતાં તેમનું પદાધિકાર જાળવી રાખવાનો તેમને અધિકાર આપવામાં આવ્યો છે. રોમિલા થાપરને 'યુનિવર્સિટી ઑફ શિકાગો', 'યુનિવર્સિટી ઑફ ઑક્સફર્ડ', 'યુનિવર્સિટી ઑફ એડનબર્ગ', 'યુનિવર્સિટી ઑફ કોલકત્તા', 'યુનિવર્સિટી ઑફ હૈદરાબાદ' અને 'યુનિવર્સિટી ઑફ પ્રિટોરિયા' જેવી ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા માનદ ડૉક્ટરેટ ડિગ્રી આપવામાં આવી છે. તેમની શૈક્ષણિક કારકિર્દી બૃહદ્ છે ઉપરાંત આજે 94 વર્ષે પણ તેઓ પ્રોફેસર તરીકેની પોતાની જવાબદારી અદા કરી રહ્યાં છે. એટલું જ નહીં તેઓ અનેક જાહેર મુદ્દે ખૂલીને બોલતાં રહ્યાં છે અથવા તેમનું વલણ અન્યાય સામેનું રહ્યું છે. 1975-77 દરમિયાન જ્યારે દેશમાં ઇન્દિરા ગાંધીએ કટોકટી લાદી હતી ત્યારે તેઓ 'જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી'માંનાં ગણ્યાગાંઠ્યા પ્રોફેસરમાંથી એક હતાં, જેમણે ઇન્દિરા ગાંધીનાં પ્રશંસા અર્થે લખાયેલા કાગળ પર સહી કરવાનો ઇન્કાર કર્યો હતો. આ ઘટનાના પ્રતિક્રિયારૂપે તેમના ઘરે ઇન્કમ ટેક્સના દરોડા પડ્યા હતા. તેમની કારકિર્દી ઉતાર-ચઢાવની રહી છે અને તેમણે આ સંસ્મરણોનું નામ આપ્યું છે : 'જસ્ટ બિઇંગ' મતલબ કે બસ હયાતી હોવી - તેવો થાય છે. ગુજરાતીમાં હજુય તેમનાં સંસ્મરણનાં મથાળાંનો સારો ભાવાનુવાદ થઈ શકે છે.

તેઓ આગળ લખે છે કે, 'નક્સલીઓનું નામ બંગાળના નક્સલબારી ક્ષેત્રમાં થયેલી પહેલી અથડામણના કારણે પડ્યું. આજકાલ સ્વતંત્ર બુદ્ધિજીવીઓને બદનામ કરવા અર્થે ઉપયોગમાં લેવાનારો 'અર્બન નક્સલ' જેવો નિરર્થક શબ્દ પૂર્ણ રીતે ખોટો છે. આ શબ્દનો ઉપયોગ કરનારા - તેના ખરા અર્થથી અજાણ છે અને એ લોકો આ શબ્દ દ્વારા બૌદ્ધિક-વિરોધી માનસિકતાનો સંકેત આપે છે. ...સાથે આ શબ્દનો ઉપયોગ સત્તાધારીઓને અસહજ સ્થિતિમાં મૂકનારાઓની બોલતી બંધ કરવા માટે પણ કરવામાં આવે છે. 'દિલ્હી યુનિવર્સિટી'માં અમારામાંથી ઘણા પ્રોફેસરો નક્સલ આંદોલનથી પ્રભાવિત વિદ્યાર્થીઓથી સંવાદ કરતા હતા. તે વિદ્યાર્થીઓનો ઉત્સાહ ખૂબ હતો પરંતુ અમને તે ઉત્સાહ ચિંતા પણ કરાવતો હતો કારણ કે તેઓ એ સમજી નહોતા શકતા કે જો તેઓ ગામડાંઓમાં જશે તેમ છતાં તેમનું જોડાણ ગ્રામીણ સમાજથી નહીં થઈ શકે. અમે તેમને માત્ર સમજાવવાનો અને અટકાવવાનો પ્રયાસ કરી શકતા હતા. વિદ્યાર્થી વિરોધથી એક સ્તરે દેશની યુનવર્સિટીઓનું ચિત્ર સ્પષ્ટ રીતે સામે આવ્યું અને ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થીઓ સાથેના સંપર્ક અને તેમના પ્રશ્નો તરફ જોવાનું ધૂંધળું થઈ ચૂક્યું છે. કેટલાક વિદ્યાર્થીઓ સપનાં - ભલે તેઓ સંખ્યાની રીતે ઓછા હતા - બીજાના બેપરવાઈભર્યા સંતોષ પર તેઓ પ્રશ્નો ઉઠાવતા હતા. તેઓ આરામદાયક શહેરી નોકરીમાં અને તેના દ્વારા મળનારી સગવડના આસપાસ જીવન વિતાવવા ઇચ્છતા હતા. તેમાં મને કોઈ વાંધો નહોતો પરંતુ આપણે એ સ્વીકારવું જોઈએ કે સમાજ ત્યારે જ યોગ્ય દિશા-માર્ગમાં જઈ શકે જ્યારે તેના માળખાને લઈને સતત ચર્ચા થતી હોય. વિદ્યાર્થીઓના માર્ગદર્શક હોવાના નાતે આ ચર્ચા-સંવાદો પ્રત્યે આપણે વધુ સંવેદનશીલ હોવા જોઈએ.'

રોમિલા થાપરનું નામ અળખામણું કેમ થયું તેનાં કારણોમાં એક તો કટોકટીકાળનું પ્રકરણ છે. તે ઉપરાંત પણ તેમને લાગ્યું કે ઇતિહાસ સાથે ચેડાં થઈ રહ્યાં છે ત્યારે તેઓ ખૂલીને વિરોધ કરવા આગળ આવ્યાં છે. જેમ કે, 2002માં તત્કાલીન ભાજપની સરકારે સામાજિક વિજ્ઞાન અને ઇતિહાસના પાઠ્યપુસ્તકના કેટલાક હિસ્સા બદલી કાઢ્યા હતા. ધોરણ છઠ્ઠામાં 'એન્સિઅન્ટ ઇન્ડિયા' નામના પ્રકરણના લેખિકા રોમિલા થાપર હતાં. તેમણે જ્યારે જોયું કે પ્રાચીન ભારતમાં ગૌમાંસ ખવાતું હતું - તે હિસ્સાની બાદબાકી કરવામાં આવી છે - ત્યારે તેનો વિરોધ કર્યો હતો. તેમણે આ રીતે ઇતિહાસ સંબંધિત છબરડા થતાં હોય ત્યાં લડત આપી છે. તેઓ બે વાર પદ્મભૂષણ સન્માન નકારી ચૂક્યાં છે. તેમનું કહેવું છે કે તેઓ શિક્ષણ જગત સંબંધિત જ સન્માન સ્વીકારશે, રાજ્ય દ્વારા પ્રેરિત સન્માન ક્યારેય સ્વીકારશે નહીં!

રોમિલા થાપર સતત વિદ્યાર્થીઓથી ઘેરાયેલાં રહ્યાં અને તેથી તેમણે વિદ્યાર્થીઓનો પ્રેમ તો મેળવ્યો પણ વિદ્યાર્થીઓને જાણવા-સમજવામાં તેઓ ખૂબ આગળ નીકળી ગયાં. તેથી તેઓ એક સ્થાને ટાંકે છે : 'હું વ્યક્તિગત રીતે મારા વિદ્યાર્થીઓ સાથેના સંવાદથી ખૂબ શીખી છું. વિશેષ કરીને જે વિષય અંગે અમે તેમને શીખવતા હતા. શું આ શિક્ષણ તેમને વર્તમાન સમાજમાં ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યું હતું? તેનાથી મને સમજવાની તક મળી કે યુવાનો દુનિયાને કઈ દૃષ્ટિથી જુએ છે. - જે શિક્ષણના સંદર્ભે ખૂબ અગત્યનું છે. મારા પોતાના યુવાવસ્થાના વિચાર અને રાષ્ટ્રવાદનો વિચાર, જેને અમારી પેઢીએ આકાર આપ્યો હતો, તે યુવાનોના મનમાં ધરમૂળથી બદલાઈ ચૂકી હતી. રાષ્ટ્રવાદ હવે વિદેશી શાસનને હટાવવા સુધી મર્યાદિત ન રહ્યો હતો. વિદેશી સત્તા તો જઈ ચૂકી હતી. હવે પ્રશ્ન હતો કે પોતાના સમાજની અસમાનતાથી કેવી રીતે લડીએ? આ આગળનો તાર્કિક ડગ હતો.' આગળ તેઓ કહે છે કે, 'જેમ-જેમ આપણે વૃદ્ધ થતા જઈએ છીએ, તેમ આપણે આપણા જૂના વિચારો અને અનુભવો નવી પેઢી પર થોપવાનો પ્રયાસ કરીએ છીએ. ઘણી વાર તો વાસ્તવિક સ્થિતિ સમજ્યા વિના. નક્સલવાદ તેનું જ ઉદાહરણ છે. સત્તામાં બેસનારા લોકોએ હંમેશા નક્સલવાદને કાયદા-વ્યવસ્થાનો પ્રશ્ન જ ગણ્યો હતો. જ્યાં દરેક નક્સલીને તેના વિચારો અને રાજ્યવિરોધી કૃત્ય અર્થે દંડિત કરવામાં આવ્યા છે. તેથી પોલીસ આજે પણ જેમના ઘરમાં ડાબેરીઓનું સાહિત્ય મળે છે ત્યારે તેમના પર નક્સલી અને રાષ્ટ્રવિરોધી આરોપ લગાવવામાં આવે છે. આવાં લોકોની સંખ્યા ઘણી વધુ છે કારણ કે ઘણાં લોકો બૌદ્ધિક જિજ્ઞાસાના કારણે પણ આ સાહિત્યને વાંચતા હોય છે.'

**રોમિલા થાપરનું નામ અળખામણું કેમ થયું તેનાં કારણોમાં એક તો કટોકટીકાળનું પ્રકરણ છે. તે ઉપરાંત પણ તેમને લાગ્યું કે ઇતિહાસ સાથે ચેડાં થઈ રહ્યાં છે ત્યારે તેઓ ખૂલીને વિરોધ કરવા આગળ આવ્યાં છે. તેઓ બે વાર પદ્મભૂષણ સન્માન નકારી ચૂક્યાં છે. તેમનું કહેવું છે કે તેઓ શિક્ષણ જગત સંબંધિત જ સન્માન સ્વીકારશે, રાજ્ય દ્વારા પ્રેરિત સન્માન ક્યારેય સ્વીકારશે નહીં**

આજે જ્યારે જનરેશન- ઝેડનો ડંકો વાગી રહ્યો છે અને 'કોક્રોચ જનતા પાર્ટી'ની સ્થાપના પછી તો જાણે પૂરા દેશમાં એક માહોલ જન્મ્યો છે કે હવે 'કોક્રોચ જનતા પાર્ટી' થકી જોરશોરથી વિરોધ થશે. અહીંયા તેઓ કહે છે કે, 'અમારામાંથી ઘણાં લોકો એવું માને છે કે નક્સલ આંદોલન માત્ર કાયદા-વ્યવસ્થાનો મુદ્દો નથી. આ અનેક તબક્કાનું સંકટ છે. યુવાન પોતાના શિક્ષણથી માત્ર ડિગ્રી નહીં, બલકે તેનાથી ઘણું વધુ ઇચ્છે છે. ભારતીય સમાજ સમક્ષ ઊભા જોખમો પ્રત્યે તેમની ચિંતાને પણ દર્શાવે છે. હિંસક સમાધાન સ્વાભાવિક રીતે સ્વીકાર્ય નથી. ઐતિહાસિક રીતે જોઈએ તો આજે પણ ભારતીય સમાજ ઊંડા પરિવર્તનના કાળમાંથી પસાર થઈ રહ્યો છે. આ એક એવું તથ્ય છે જેને નજરઅંદાજ ના કરી શકાય. શાસન વર્ગ આ પ્રશ્નોનું સમયસર સમાધાન નથી કરી રહ્યા. નક્સલવાદે એક સમયે આ સમસ્યા પર ધ્યાન ખેંચ્યું હતું પણ તેમની પાસે પણ કોઈ ઉકેલ નહોતો.'



# ખુશામત કે પ્રશંસા?: પિકચરથી પૉલિટિક્સ સુધી..

મિજાજ મસ્તી
સંજય છેલ

દક્ષિણ ભારતના બહુ મોટા સ્ટાર અને પછી મુખ્યમંત્રી બનેલા એવા એમ.જી. રામચંદ્રન નામના અભિનેતા ચાપલૂસીના બહુ શોખીન હતા. તેઓ ફિલ્મના સેટ પર રોજ પોતાની આસપાસ ખાસ 7-8 લોકોનું ભાડૂતી ટોળું રાખતા જે એમ.જી.આર.ના દરેક ફાલતુ જોક પર જોર જોરથી હસે અને પછી એમ.જી.આર. આસપાસ નજર દોડાવીને હરખાય કે- 'જોયું?' એટલે પછી સેટ પર બધાં પરાણે હસે! આપણે જીવવા માટે ખાઈએ છીએ એમ ઘણા લોકો પ્રશંસા માટે જ જીવતા હોય છે. 'કાકા'ના લાડકાં નામથી ઓળખાતા સુપર-સ્ટાર રાજેશ ખન્નાનો સિતારો બુલંદ હતો ત્યારે ચમચાઓ રાજેશ ખન્ના-'કાકા'ને ખુશ કરવા કહેતા કે- ઉપર 'આકા' (માલિક) ઔર નીચે 'કાકા'!

લોકોને જૂના ગ્રામોફોન,પેઈન્ટિંગ્સ, સિક્કાઓ, સ્ટેમ્પસ વગેરે ભેગાં કરવાનો શોખ હોય છે એમ ઘણાં લોકો ઉછીની ખુશામત ભેગી કરતા હોય છે. કિંતુ ખુશામત એ વખાણ નથી. પ્રશંસા, કમાવી પડતી હોય છે જ્યારે ખુશામતમાં શબ્દોને સતત ઓઈલીંગ કરતા રહેવું પડે છે. લેખક રસેક મીન્સે કહેલું, 'ચાપલૂસી, પ્રશંસા રૂપે મળે તોયે એને સ્વીકારવી નહીં અને દરેક પ્રશંસા, માત્ર ચાપલૂસી જ છે, તેવું યે માનશો નહીં.'

ચાર્લ્સ મેક આર્થર નામના નાટ્યલેખક, જ્યારે હેલન હેયસ નામની અભિનેત્રીને પહેલી વખત મળ્યા ત્યારે ચાર્લ્સે, હેલનની કમાલની પ્રશંસા કરેલી, જે આજેય ફેમસ છે. ચાર્લ્સે, હેલનને મળતાં વેંત જ સાદાં ખારાં સિંગનું પેકેટ ઓફર કર્યું ને આંખ મારીને કહ્યું: "સોરી, તમને હું મોંઘા બ્લ્યુ ડાયમંડઝ તો ઓફર કરી શકું એમ નથી તો આ ખારા સિંગથી ચલાવી લોને.. આમેય એ તમને અડતાં જ એ 'એમેરાલ્ડઝ' જેવા જ કિંમતી બની જશેને?" અહિં સહજતા ને સ્માર્ટનેસનું કાતિલ કોકટેલિયું કોંબિનેશન છે.

પતિ-પત્ની, પાર્ટીમાંથી ઘરે આવે ને પતિ કહે કે, "હની, પાર્ટીમાં તું બધાં સાથે હસી હસીને જે રીતે વાતો કરતી હતી ત્યારે તું ખરેખર નેચરલી જ એટલી સુંદર લાગતી હતી કે હું ફરીવાર પ્રેમમાં પડી ગયો!" તો આ એક સાચી પ્રશંસા છે પણ એની સામે ધારો કે તમે આધેડ વયના નર કે નારી હોવ અને તમને ડાંસ ના આવડતો હોય અને પાર્ટીમાં ડાન્સ કરતી વખતે તમારી બાજુમાં નાચતો બુઢ્ઢો, તમને ત્રણ વખત જમીન પર પડતા બચાવે ને પછી હાંફતા અવાજે કહે કે, "ઓહ ડિયરપેલા જુવાનીયાઓની સરખમાણીમાં તમે શું સરસ ડાન્સ કરો છો!"..તો એ નકરી ખુશામત કહેવાય.

સુઝાન બ્લેંક નામની લેખિકાએ લખેલું કે- "એકવાર એક મીટિંગમાં હું યુવાન હેંડસમ લેખકની સામે બેઠી હતી, જે રોમેંટિક નોવેલ્સ માટે પ્રખ્યાત હતો પણ સ્વભાવે ધૂનીને આખાબોલો હતો.

મીટિંગની વચ્ચે વચ્ચે મેં ચહેરો ઉઠાવીને જોયું કે એ મને જુવે છે કે નહીં? પછી મેં મારા વાળને સરખા કર્યા અને જરા ટટ્ટાર થઈને બેઠી. પછી આખરે મને નીરખીને એવું કંઈક ક્યું કે ત્યારે એના શબ્દો મને સંગીત જેવાં લાગ્યાં. એણે મને ધીમેથી પૂછ્યું, "શું તમારી દીકરીઓ પણ તમારા જેટલી જ સુંદર દેખાય છે કે લોકો તમને એમની નાની બહેન માની લે છે?" લેખિકા કહે છે કે આ ભલે ખુશામત હોય પણ એને મેં અત્યાર સુધીમાં ઘણીવાર એકાંતમાં યાદ કરીને મનમાં ને મનમાં હું મલકાઈ છું.

**ઈંટરવલ:**

**તારીફ કરું ક્યા ઉસ કી?**
**જિસને તુમ્હેં બનાયા. (એસ.એચ.બિહારી)**

રાજકારણમાં મોટા નેતાની ચાપલૂસી, એ ફરજિયાત જરૂરીઆત છે. દેવકાંત બરૂઆ નામના કોંગ્રેસી નેતા, ભૂતપૂર્વ પી.એમ. ઈંદિરા ગાંધી માટે કહેતા કે- "ઈંડિયા ઈઝ ઈંદીરા એંડ ઈંદીરા ઈઝ ઈંડીયા!" તેલુગુ નેતા-અભિનેતા એન.ટી. રામારાવને તો લોકો ખરેખર ભગવાન માનીને પગે પડતા.

**તેલુગુ નેતા-અભિનેતા એન.ટી. રામારાવને તો લોકો ખરેખર ભગવાન માનીને પગે પડતા. તો આજકાલ પણ મોટા નેતાઓને ભગવાન વિષ્ણુનો આવતાર માનવાની સીઝન ચાલે છે!**

તો આજકાલ પણ મોટા નેતાઓને ભગવાન વિષ્ણુનો આવતાર માનવાની સીઝન ચાલે છે!

નેતાઓએ ચાપલૂસી નહીં પણ અસલી પ્રસંશા, બાળકો પાસે શીખવી જોઈએ. બાળકોને ના તો ખુશામતની પડી હોય છે અને ના તો પ્રશંસા કરવાની કળા હોય છે પણ જ્યારે બાળકો બોલે છે, ત્યારે દિલથી બોલે છે, જે સ્પર્શી જાય છે. એક 6-7 વરસની નાની દીકરી વેકેશનમાં એના કાકાને ત્યાં ગઈ હતી ત્યારે તેણે મમ્મીને પત્રમાં લખ્યું- "ડીયર મમ્મી, મને અહિં ખૂબ મજા આવે છે. ઘર મોટું છે, ખાવાનું સરસ છે, બગીચો મોટો છે, ઘણાં રમકડાં છે...પણ તોયે હું ઉદાસ રહું છું કારણ કે અહિંયા તું નથીને? હું તને ખૂબ મિસ કરું છું ને ખાસ તો તારી સાડીનો પાલવ, જેને વળગીને મને સૂવા મળતું નથી, એ મિસ કરું છું." એ પત્ર, પેલી મમ્મીના દિલનાં છાના ખાનામાં સદાયે માટે સચવાઈને મનમાં કાયમ માટે છપાઈ ગયો..એ મીઠડી દીકરીની જેમ ઘણા લોકો એવા છે, જેમને કુદરતી રીતે જ પ્રશંસાની આવડત હોય છે પણ ઘણાંને વખાણ કરતા આવડે જ નહીં અને ચાપલૂસી કરવા જાય તો તરત જ પકડાઈ જાય.

જેમ કે- એક લેખકના પુસ્તકનું વિમોચન હતું. ઘણાં બધાં વાચકો પુસ્તકોમાં લેખકનો ઓટોગ્રાફ લેવા આવેલા અને એ કતારમાં એ સુંદર સ્ત્રી હતી. લેખક એને જોઈને ખુશ થઈ ગયો. પેલી સ્ત્રીએ લેખકને કહ્યું, "મને તમારા પુસ્તકો બહુ જ ગમે છે. એમને હું મારા બેડરૂમમાં નાઈટ લેંપની બાજુમાં હંમેશા રાખું છું. રોજ રાતે એમાંથી બસ એક જ ફકરો વાંચુંને કે તરત જ મને ઊંઘ આવી જાય છે એટલું સરસ તમે લખો છો!" આવી પ્રશંસા સાંભળીને લેખકને એ રાત પૂરતો હાથ પર લકવો મારી ગયેલો.

**એન્ડ ટાઇટલ્સ:**

**આદમ:** આજે તું બહુ સુંદર દેખાય છે.
**ઈવ:** ફક્ત આજે જ?

# વૈભવ સૂર્યવંશી માટે આ તો ફક્ત એક લાંબી સફરની શરૂઆત છે

ખેલખેલમેં

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) લાંબા સમયથી ત્વરિત સ્ટારડમ માટે લોન્ચપેડ રહ્યું છે, પરંતુ બહુ ઓછા ખેલાડીઓએ 15 વર્ષીય બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશી જેટલો ઝડપથી પોતાનો રેકોર્ડ વધાર્યો છે. મંગળવારે રાત્રે,તરૂણ વયના ઓપનરે રાજસ્થાન રોયલ્સે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) પર સાત વિકેટથી મહત્વપૂર્ણ વિજય મેળવ્યો તે મેચમાં સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે ક્રિકેટ જગતને આશ્ચર્યચકિત કરી દીધું. 221 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, સૂર્યવંશીએ 10 છગ્ગા અને સાત ચોગ્ગા ફટકારીને LSG બોલિંગ આક્રમણને ધ્વસ્ત કરી નાંખ્યું. તે રો પાવર અને હાથ-આંખના સંકલનનું અસાધારણ પ્રદર્શન હતું જેના કારણે સુપ્રસિદ્ધ કોમેન્ટેટર ઈયાન બિશપ તરફથી સૌથી વધુ પ્રશંસા પણ મળી, બિશપે કહ્યું કે તે તૈયાર છે. જો કે 579 રન સાથે ટુર્નામેન્ટની ઓરેન્જ કેપ પાછી મેળવવા અને ઇન્ડિયા-એ કોલ-અપ મેળવવા છતાં, તે તેના નામની આસપાસ સર્જાયેલા પ્રચારથી સંપૂર્ણપણે અવિચલિત રહીને પોતાની બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

સૂર્યવંશીની ઈનિંગ કેટલી ગણતરીપૂર્વકની હતી તે જાણીને તેની તાકાત છતી થાય છે. 221 રનના ઊંચા લક્ષ્યાંકનો પીછો કરતી વખતે એક કિશોર સામાન્ય રીતે મુશ્કેલીમાંથી તાત્કાલિક બહાર નીકળવાનો પ્રયાસ કરી શકે છે. તેના બદલે, આ યુવા ખેલાડીએ વ્યૂહાત્મક પરિપક્વતાનું સ્તર દર્શાવ્યું જે તેની ઉંમરને ધ્યાને લેતા અન્ય તમામ ગણતરીઓને ખોટી પાડે છે, તેણે પોતાની આક્રમકતા શરૂ કરતા પહેલા પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા માટે સમય કાઢ્યો અને શરૂઆતમાં તેના રન કરતાં તેણે રમેલા બોલની સંખ્યા વધુ હતી. સૂર્યવંશીએ મેચ પછીના ઇન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે બેટિંગ કરવા માટે તેણે ખાસ કંઇ વિચાર્યું નહોતુ. એ મેચમાં LSGએ પહેલા બેટિંગ લીધી હતી અને રાજસ્થાન રોયલ્સની ફિલ્ડીંગ દરમિયાન તે બહાર બેઠો હતો. તેણે કહ્યું હતું કે વિકેટ સારી દેખાતી હોવાથી ત્યારે હું વિચારી રહ્યો હતો કે આજે મારે શરૂઆતમાં વધારે ઉતાવળ ન કરવી જોઈએ, મારે થોડો સમય લેવો જોઈએ અને જો હું લાંબા સમય સુધી બેટિંગ કરીશ, તો તે બીજા છેડે બેટ્સમેનને પણ મદદ કરશે.

શાંત શરૂઆત પછી પણ, તેણે આંખના પલકારામાં પોતાની અડધી સદી પૂરી કરી, અને આખરે ભારતના સૌથી ઝડપી બોલર મયંક યાદવ સામે એક જ ઓવરમાં 29 રન બનાવ્યા. તેણે કહ્યું હતું કે મને ખબર છે કે હું ગમે ત્યારે બે કે ત્રણ ચોગ્ગા કે છગ્ગા ફટકારી શકું છું, તેથી હું થોડો વધુ સમય લઈ શકું છું અને વધારે ઉતાવળ ન કરીને રમતને અંત સુધી લઈ જવાનો પ્રયાસ કરી શકું છું. બિશપે તેની કરેલી પ્રશંસા અંગે પુછાતા તેણે કહ્યું હતું કેં મને લાગે છે કે આ તો ફક્ત શરૂઆત છે. જો મારી કારકિર્દી લાંબી થઈ જાય અને હું લાંબા સમય સુધી રમીશ, તો લોકો ઘણી બધી વાતો કહેશે.

શાનદાર પ્રદર્શન સાથે જાહેર જનતા તમારી સતત ચકાસણી કરતી રહે છે, પરંતુ સૂર્યવંશીએ પહેલાથી જ પોતાની માનસિક શાંતિ કેવી રીતે જાળવી રાખવી તે શોધી કાઢ્યું છે. તેણે પોતાના ક્રિકેટની આસપાસ એક રૂપકાત્મક ફાયરવોલ બનાવ્યો છે, સામાન્ય રીતે યુવા પ્રતિભાઓને પાટા પરથી ઉતારી દેતા અખબારો અને સોશિયલ મીડિયાના વખાણને સંપૂર્ણપણે અવગણવાનું તે શીખ્યો છે. તે સંપૂર્ણ શાંત ચિત્તે આ સંબંધે કહે છે કે હું સોશિયલ મીડિયા કે અખબારોને ખરેખર બહુ વધારે જોતો નથી, હું અખબારો વાંચતો નથી અને સોશિયલ મીડિયા પર ખાસ કંઈ જોતો નથી. તેથી હું તેના વિશે વધારે વિચારતો નથી.મને લાગે છે કે આ તો ફક્ત શરૂઆત છે. મારું ધ્યાન ફક્ત રમત પર રહેવું જોઈએ અને મારે મારી સફર પૂર્ણ કરવી જોઈએ.



મેદાન પરની તેની ઉજવણીઓએ દેશભરના ચાહકોની કલ્પનાને મોહિત કરી છે, તે સંપૂર્ણપણે બિન-લેખિત અને નિરર્થક હોવાનું કે કહેતો રહે છે. તે કહે છે કે સાહેબ, મને ખબર નથી. હું દરેક મેચમાં કંઈક નવું કરું છું. હું ખરેખર તેનું આયોજન કરતો નથી. તેની પાછળ કોઈ અર્થ નથી. છેલ્લી મેચમાં મેં જે હાથની આંગળીઓ વડે એ બનાવીને ઉજવણી કરી હતી તેનો પણ કોઈ અર્થ નહોતો. હું ફક્ત નવી વસ્તુઓનો પ્રયાસ કરતો રહું છું, જો કે પછીથી રાજસ્થાન રોયલ્સ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં તેણે સ્વીકાર્યું હતું કે તે ઉજવણી તેની માતા માટે હતી, વૈભવની માતાનું નામ આરતી છે. તેણે પોતાની માતા માટે કરેલી આ ઉજવણી અંગે મેચ પછીના પ્રેઝન્ટેશનમાં પણ તેઓ કહ્યું નહોતું. તે દર્શાવે છે કે આ કિશોર પોતાની પ્રાઈવસી જાળવી રાખવા માગે છે. સૂર્યવંશી ભારપૂર્વક કહે છે કે ડ્રેસિંગ રૂમ સ્થિતિને સંપૂર્ણપણે સરળ રાખવામાં મદદ કરે છે. તે કહે છે કે બીજું તો કંઈ નહીં પણ. અમારું ધ્યાન ફક્ત એટલું જ છે કે આપણે પોતાનો આનંદ માણીએ, તેણે નિષ્કર્ષ કાઢ્યો. કે આગામી મેચમાં પણ આપણે મેદાનની બહારની બાબતો પર વધુ ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ. દરેક વ્યક્તિએ રમત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને આનંદ સાથે રમવું જોઈએ, જેમ આપણે આખી ટુર્નામેન્ટ દરમિયાન કરતા આવ્યા છીએ. આ વાત તેની ઉંમરની દૃષ્ટિએ ઘણી પરિપક્વ છે અને તેથી જ કહી શકાય કે તે લાંબી મજલનો મુસાફિર છે.

**કોમેન્ટેટરો દ્વારા થતી પ્રશંસા, સોશિયલ મીડિયા અને અખબારોના વખાણ સહિત તેના નામની આસપાસ સર્જાયેલા પ્રચારથી સંપૂર્ણપણે અવિચલિત રહીને પોતાની બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરતો આ યુવા ખેલાડી પોતાની વય કરતાં ઘણી પરિપક્વ વાતો કરી રહ્યો છે**